ચીખલી ચાર રસ્તા પાસે ગેરકાયદે દબાણો પર તંત્રનું જેસીબી ફેરવાયું

## વાડ જ ચીભડા ગળે

## વિરોધ કરનાર ભાજપના નેતાને ત્યાંથી 'દબાણ'નું ખાતમુહૂર્ત કરાયું

**આલીપોર**, થાલા અને સમરોલી સહિતના વિસ્તારોમાં હાઈવે ઓથોરિટીની કાર્યવાહીથી ફફડાટ

**રાજકીય** દબાણને ન ગણીને તંત્રએ નેતાના વિરોધ છતાં તેમની જગ્યાથી જ દબાણ હટાવવાની કામગીરીનું 'ખાતમુહૂર્ત' કર્યું



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી ચાર રસ્તા પાસે પોલીસ બંદોબસ્ત વચ્ચે બાકી રહેલા ગેરકાયદેસર દબાણો પર તંત્રનું જેસીબી ચાલ્યું હતુ. વિરોધ કરનાર કહેવાતા ભાજપના નેતાને ત્યાંથી દબાણનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ.

ચીખલી તાલુકામાંથી પસાર થતા અમદાવાદ-મુંબઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર હાઈવે ઓથોરિટી દ્વારા દબાણ હટાવવાની કામગીરી ફરી એકવાર શરૂ કરવામાં આવતા દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો હતો. આલીપોર, થાલા, સમરોલી, મજીગામ સહિતના વિસ્તારોમાં હાઈવેની આજુબાજુ સંપાદિત જમીન તેમજ માર્જિનની જગ્યામાં ઉભા કરાયેલા નાના-મોટા દબાણો સામે તંત્રનું જેસીબી ફરી વળ્યું હતું. હાઈવે ઓથોરિટી દ્વારા અગાઉ પણ વિવિધ સ્થળોએ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જ્યારે કેટલીક જગ્યાએ માર્કિંગ કરી દબાણકર્તાઓને સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવા માટે મૌખિક સૂચના આપવામાં આવી હતી. તેમ છતાં સમયમર્યાદામાં દબાણ દૂર ન કરાતા મંગળવારની સવારથી તંત્ર દ્વારા દબાણ દૂર કરવામાં આવ્યું હતું.

### સ્થાનિક પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

દબાણ હટાવવાની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થાનિક પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં યાંત્રિક સાધનોની મદદથી હાઇવેની હદમાં આવતા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. તંત્રની ટીમે એક બાદ એક દબાણો હટાવી હાઇવેની આસપાસની જગ્યાને ખુલ્લી કરવાની કામગીરી હાથ ધરી હતી. દરમ્યાન કહેવાતા ભાજપના નેતા દ્વારા પોતાનું દબાણ દૂર કરવાની કામગીરીનો વિરોધ કરી અધિકારીઓ સાથે રજૂઆત અને આનાકાની કરવામાં આવી હોવાની ચર્ચા વચ્ચે તંત્રએ કોઈપણ પ્રકારના રાજકીય દબાણને વશ થયા વિના અધિકારીઓએ નિયમ મુજબ દબાણ હટાવવાની કાર્યવાહી કરી કહેવાતા નેતાના દબાણથી જ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

## સાપુતારાના સર્પગંગા તળાવમાં પ્રવાસી બોટમાંથી કૂદી પડ્યો

**SDRF** અને નોટિફાઇડ કચેરી દ્વારા યોજાયેલી મોકડ્રિલ સફળ રહી



ગિરીશ ભોયે

સાપુતારાઃ સાપુતારાના સર્પગંગા તળાવમાં બોટિંગ કરી રહેલો એક પ્રવાસી અચાનક તળાવના ઊંડા પાણીમાં કૂદી પડતાં દોડધામનો માહોલ સર્જાયો હતો. આ કટોકટીની સ્થિતિ જોઈને બોટિંગ સંચાલકો તેમજ અન્ય પ્રવાસીઓમાં ચિંતાનો માહોલ વ્યાપી ગયો હતો. જોકે, હરકતમાં આવેલી SDRFની ટીમે તળાવમાં ઝંપલાવ્યું હતું અને ડૂબતા પ્રવાસીને હેમખેમ બહાર કાઢી લીધો હતો. જો કે આ કોઈ વાસ્તવિક હોનારત ન હતી, પરંતુ નોટિફાઇડ એરિયા કચેરી અને ડિઝાસ્ટર વિભાગની SDRF ટીમનું 'મોકડ્રિલ' હતી.

આ પ્રસંગે ડિઝાસ્ટર વિભાગનાં નાયબ મામલતદાર ચિંતન પટેલ, નોટિફાઇડ એરિયા કચેરીના ચીફ ઓફિસર કલ્પના આર. ચૌધરી,સાપુતારા પી.આઈ. જીતેષ બારીયાની માર્ગદર્શિકા અને ઉપસ્થિતિ હેઠળ યોજાયેલી આ સફળ મોકડ્રિલ દ્વારા ઇમરજન્સી સમયે તંત્રની કામગીરી કેટલી ઝડપી અને સક્ષમ છે તેનું પ્રત્યક્ષ પ્રદર્શન કરવામાં આવ્યું હતુ. ચીફ ઓફિસર કલ્પના ચૌધરીએ જણાવ્યું હતું કે આ પ્રકારની મોકડ્રિલથી સ્થાનિક કર્મચારીઓ અને બચાવ ટીમોની સજ્જતા વધે છે તથા પ્રવાસીઓની સુરક્ષા પ્રત્યે તંત્રની કટિબદ્ધતા મજબૂત થાય છે.

ગ્રામજનોએ દુકાન બંધ કરાવી તંત્ર સમક્ષ કડક કાર્યવાહીની માંગ કરી

## બિસ્કીટ ખાધા પછી ખબર પડી કે એક્સપાયરી ડેટવાળી હતી



**વાંસદાના** મોળાઆંબા ગામે પરિવારજનોએ પોલ પકડી પાડતા દુકાનમાંથી અન્ય મુદ્દામાલ પણ મુદત બાહ્ય મળી આવ્યો

વાંસદા : વાંસદાના ગ્રામ્ય વિસ્તારની કરિયાણાની દુકાનમાંથી બાળકને એક્સપાયરી ડેટવાળી બિસ્કીટ વેચવામાં આવી હોવાની ઘટના સામે આવતા રોષ ફેલાયો હતો. બાળક બિસ્કીટ ખાઈ ગયા બાદ પરિવારજનોએ પેકેટ પરની મેન્યુફેક્ચરિંગ અને એક્સપાયરી ડેટ તપાસતા બિસ્કીટની મુદત પૂરી થઈ ગઈ હોવાનું જણાયું હતું.

તાલુકાના મોળાઆંબા ગામના પાટ ફળિયામાં આવેલી દેવ નારાયણ કરિયાણા સ્ટોરમાંથી મહોલ્લામાં રહેતા એક બાળકે બિસ્કીટ ખરીદી હતી. જે બિસ્કીટ આરોગ્યા બાદ તેનો સ્વાદ કંઈક અલગ લાગતા પરિવારજનોએ બિસ્કીટના પેકેટ પરની તારીખ તપાસી હતી. જેમાં બિસ્કીટની એક્સપાયરી ડેટ પૂર્ણ થઈ ગઈ હોવાનું સામે આવ્યું હતું. આ બાબતની જાણ થતાં ગામના ડેપ્યુટી સરપંચ સહિત ગ્રામજનો દુકાન પર એકત્ર થયા હતા. ગ્રામજનોએ દુકાનમાં રહેલી અન્ય ખાદ્ય ચીજવસ્તુઓની તપાસ કરતાં ઘણી વસ્તુઓ એક્સપાયરી ડેટવાળી મળી હોવાનો દાવો કર્યો હતો. આ મુદ્દે ગ્રામજનો અને દુકાનદાર વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં વાતાવરણ ગરમાયું હતું. આખરે ગ્રામજનોએ દુકાન બંધ કરાવી દીધી હોવાનું જાણવા મળ્યું છે.

### આવી વસ્તુઓ અગાઉ કેટલા ગ્રાહકોને વેચવામાં આવી રહી હશે

આ ઘટનાને પગલે સ્થાનિકોમાં એવી ચર્ચા ઉઠી છે કે, જો એક્સપાયરી ડેટવાળી વસ્તુઓનું વેચાણ થતું હોય તો આવી વસ્તુઓ અગાઉથી કેટલા સમયથી ગ્રાહકોને વેચવામાં આવી રહી હશે ? ખાસ કરીને આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારમાં આવા ખાદ્યપદાર્થોના વેચાણ અંગે તંત્ર દ્વારા સઘન તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. ગ્રામજનોએ આરોગ્ય અને ખાદ્ય સુરક્ષાને લગતી ગંભીર બાબતને ધ્યાનમાં લઈ તંત્ર દ્વારા દુકાનની તપાસ કરી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.

## તિઘરામાં બકરીનું મારણ, દીપડાના હુમલાની શંકા

**મારણનું** ચોક્કસ કારણ વન વિભાગની તપાસ બાદ માલુમ પડશે

નવસારીઃ નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૩ના તિઘરા વિસ્તારમાં બકરીના મારણની ઘટના બાદ દીપડાની હાજરી અંગે તપાસની જરૂરિયાત ઊભી થઈ છે. સોમવારે સાંજે આશરે ૪ વાગ્યે વચલા ફળિયામાં શ્રમજીવી શૈલેષભાઈ હળપતિની બકરીનું મારણ થયું હતું. સ્થાનિકોના જણાવ્યા મુજબ આ ઘટના દીપડાના હુમલાના કારણે બની હોવાની શંકા છે.

ઘટના બાદ આસપાસ તપાસ કરતાં બે નાના પગલાં જોવા મળ્યા હોવાની માહિતી સ્થાનિકો દ્વારા આપવામાં આવી છે. જોકે, પગલાં દીપડાના છે કે અન્ય કોઈ પ્રાણીના અને બકરીના મારણનું ચોક્કસ કારણ શું છે, તેની સત્તાવાર પુષ્ટિ વન વિભાગની તપાસ બાદ જ થઈ શકશે. વન વિભાગની તપાસ બનશે મુખ્ય કડીઃ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વન વિભાગ દ્વારા સ્થળ પર જઈ મારણના નિશાન, પગલાં અને આસપાસની સ્થિતિની તપાસ કરવી મહત્ત્વપૂર્ણ બની છે. તપાસ દરમિયાન મળતા પુરાવાના આધારે દીપડાની હાજરી અંગે સત્તાવાર સ્થિતિ સ્પષ્ટ થઈ શકશે. જો દીપડાની હાજરીની પુષ્ટિ થાય તો તેની હિલચાલ પર નજર રાખવા તથા સ્થાનિકોની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવામાં આવી શકે છે. પાંજરું ગોઠવવાની જરૂરિયાત અંગે પણ વન વિભાગ સ્થળ તપાસના તારણોના આધારે નિર્ણય કરશે.

તિઘરા આસપાસ આવેલા શેરડીના ખેતરોને કારણે સ્થાનિકોમાં પણ સાવચેતી જોવા મળી રહી છે. આ મામલે વોર્ડ નં. ૧૩ના નગરસેવક તથા મહાનગરપાલિકાની ગૃહ નિર્માણ બોર્ડ અને સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરમેન વિજયભાઈ રાઠોડે નવસારી RFOને લેખિત રજૂઆત કરી છે. તેમણે સ્થળ તપાસ કરાવી જરૂરી જણાય તો યોગ્ય સ્થળે પાંજરું ગોઠવવા માંગ કરી છે.

## નવસારીમાં ઝાપટાં પડતાં બફારામાંથી લોકોને આંશિક રાહત

નવસારી : નવસારી જિલ્લામાં મંગળવારે હવામાનમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન આકાશ વાદળોથી ઘેરાયેલું રહ્યું અને વિવિધ તાલુકાઓમાં હળવા વરસાદી ઝાપટાં પડતાં ગરમીની અસર ઓછી થઈ હતી. જોકે, વરસાદનું પ્રમાણ ઓછું રહેતાં ભારે વરસાદની રાહ જોતા ખેડૂતો અને વરસાદની અપેક્ષા રાખતા લોકોની આશા અધૂરી રહી હતી.

નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના આંકડા મુજબ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૧.૦ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૭.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારે ભેજનું પ્રમાણ ૯૫ ટકા અને સાંજે ૯૨ ટકા જેટલું ઊંચું રહેતાં વાતાવરણમાં ભેજ અને બફારાની અસર પણ યથાવત્ રહી હતી. વાંસદામાં સૌથી વધુ ૯ મીમી વરસાદ નોંધાયો હતો. ગણદેવી અને ખેરગામમાં ૨-૨ મીમી, જ્યારે ચીખલીમાં ૧ મીમી વરસાદ પડ્યો હતો.

## પૂર રાહતની રાહ, વોર્ડ-13માં 5 હજારની સહાય અટકી


**અસરગ્રસ્ત** વેપારીઓ પણ વળતરની અપેક્ષામાં

નવસારીઃ નવસારી શહેરમાં તાજેતરના ભારે પૂરના કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં ઘરોમાં પાણી ઘૂસી જતાં પરિવારોને નુકસાન વેઠવું પડ્યું હતું. પૂરગ્રસ્ત પરિવારોને પ્રાથમિક રાહતરૂપે રૂ.૧,૮૦૦ની કેશડોલ્સ આપવામાં આવી હતી, પરંતુ હવે વોર્ડ નં.૧૩ના કેટલાક અસરગ્રસ્ત પરિવારોને મળવાપાત્ર વધારાની રૂ.૫,૦૦૦ની સહાય હજુ સુધી બેંક ખાતામાં જમા ન થઈ હોવાનો મુદ્દો સામે આવ્યો છે. આ અંગે નવસારી નગરપાલિકાના પૂર્વ કોંગ્રેસ નગરસેવક પ્રમોદ બી. રાઠોડે જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે.

પ્રાથમિક કેશડોલ્સની ચૂકવણી થયા બાદ બાકી સહાય કેટલાક પરિવારો સુધી કેમ પહોંચી નથી, તેની વહીવટી પ્રક્રિયાની તપાસ કરી પાત્ર લાભાર્થીઓને રૂ.૫,૦૦૦ની બાકી સહાય વહેલી તકે ચૂકવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. બીજી તરફ પૂરનો ફટકો શહેરના વેપારીઓને પણ પડ્યો હતો. વિવિધ બજારો અને દુકાનોમાં પાણી ભરાતા માલસામાનને નુકસાન થયું હતું. અનેક વેપારીઓનો સ્ટોક બગડી જતાં મોટું આર્થિક નુકસાન થયું હોવા છતાં હજુ સુધી નાણાકીય સહાય કે વળતર મળ્યું ન હોવાની રજૂઆત છે. વેપારીઓ દ્વારા નુકસાનનું મૂલ્યાંકન કરાવી યોગ્ય સરકારી સહાય અથવા રાહત પેકેજ જાહેર કરવાની માંગ કરવામાં આવી રહી છે.

એક તરફ પૂરપીડિત પરિવારો બાકી સહાયની રાહ જોઈ રહ્યા છે અને બીજી તરફ નુકસાનગ્રસ્ત વેપારીઓ વળતરની અપેક્ષા રાખી રહ્યા છે. હવે વહીવટી તંત્ર દ્વારા સહાયથી વંચિત પરિવારો અને નુકસાનગ્રસ્ત વેપારીઓ અંગે કઈ કાર્યવાહી કરવામાં આવે છે તે મહત્વનું બન્યું છે.

### મલિયાધરા મલિયેશ્વર મહાદેવજી મંદિરમાં મહાદેવને ફૂલોનો અનોખો શણગાર



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી પંથકમાં પવિત્ર શ્રાવણ મહિનામાં ભક્તિનો માહોલ સર્જાયો છે. ચીખલી તાલુકાના મલિયાધરા ગામમાં મલિયેશ્વર મહાદેવને પ્રિયાબેન ચૌધરી, મુન્નીબેન ચૌધરી, પ્રિયંકાબેન પટેલ, કૌશિકા પટેલ અને પૂજા પટેલ સહિતની બહેનો દ્વારા સાંજે આરતી પૂર્વે દરરોજ શિવલિંગને વિવિધ પ્રકારના ફૂલોથી શણગારવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં તિરંગા રંગમાં, વિવિધ ચોકલેટોથી, મહાકાલ, હરિશ્ચંદ્રગઢ, ગણેશજી, રાખડી દ્વારા, અર્ધનારેશ્વર, ત્રીજા સોમવારના રોજ સંધ્યા આરતી પૂર્વે ફૂલોથી અનોખો શણગાર કરવામાં આવ્યો હતો. તેમને મંદિર ટ્રસ્ટના પ્રમુખ રાજેશભાઈ પટેલ, નટુભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, જય પટેલ, પ્રકાશ પટેલ અને મહારાજ સુમનભાઈ સહિતનાઓ દ્વારા પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવી રહ્યું છે. સંધ્યા આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો લાભ લઈ રહ્યા છે.

## ચીખલી તાલુકાની ઘેજ સહકારી મંડળીમાં કરોડોનું ખાતર કૌભાંડ

**વિજિલન્સ** તપાસની માંગ સાથે ઉચ્ચ કક્ષાએ રજૂઆત

ઘેજ : ચીખલી તાલુકાના ઘેજ ગામની સહકારી મંડળીમાં રાસાયણિક ખાતરના કથિત કૌભાંડ અને નાણાકીય ગેરરીતિનો ગંભીર મામલો સામે આવ્યો છે. ગામના અગ્રણી દ્વારા આ મામલે વિજિલન્સ તપાસની લેખિત માંગ કરવામાં આવી છે. ઘેજ મંડળીનું ગુજકોમાસોલમાં છેલ્લા એકાદ વર્ષથી ખાતરનું રૂપિયા ૧.૦૪ કરોડ રૂપિયાનું પેમેન્ટ બાકી છે. મંડળીના પ્રમુખ અને સેક્રેટરીની સહીથી ગુજકોમાસોલને આપવામાં આવેલો ચેક બાઉન્સ થતાં સમગ્ર કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું.

મંડળી દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં યુરિયા સહિતના રાસાયણિક ખાતરોનો વેપાર કઈ રીતે થયો તેની તપાસ અનિવાર્ય બની છે. ખેડૂતોના નામે ખોટા બિલ ઉધારીને કે પછી બિલ વગર જ સબસીડીયુક્ત ખાતર સીધું ફેક્ટરીઓમાં વેચી દેવામાં આવ્યું હોવાની શંકા સેવાઈ રહી છે. ખેડૂતોના નામે બોગસ બિલ ઉધારવામાં આવ્યા હોય, તો ખેડૂતો વિના વાંકે મુશ્કેલીમાં મુકાઈ શકે છે. આ ગેરરીતિથી સરકાર સાથે પણ છેતરપિંડી થઈ છે. ભારત સરકાર દ્વારા ખેડૂતોને રાહત દરે ખાતર પૂરૂં પાડવા માટે મોટી રકમની સબસીડી આપવામાં આવે છે. ત્યારે આટલી મોટી રકમ કોના ખિસ્સામાં ગઈ અને તેની ઉચાપત થઈ છે કે કેમ, તે તપાસનો વિષય છે. છેલ્લા ત્રણ વર્ષના ખેડૂતોના બિલોની સઘન ચકાસણી કરવામાં આવે અને ખેડૂતોના નિવેદનો લઈને ખરાઈ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. વર્ષો જૂની સહકારી સંસ્થા બચે અને ભ્રષ્ટ વહીવટકર્તાઓના પાપે નિર્દોષ ખેડૂતોને નુકસાન ન થાય તે માટે પ્રમુખ સહિતના જવાબદારો સામે કાનૂની પગલાં ભરીને તેમને વહીવટમાંથી દૂર કરવા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાઈ છે.

### આહવાના ઈસદર નજીક ટ્રેક્ટર નદીમાં ખાબક્યું



ગિરીશ ભોયે

સાપુતારાઃ ગોંડલવિહિર ગામનું એક ટ્રેક્ટર આહવાના ઈસદર ગામ નજીક આવેલા ઉપર વાઘદેવ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું. તે દરમિયાન અચાનક ડ્રાઇવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રેક્ટર માર્ગ પરથી નીચે આવેલા નાના પુલ/કોઝવે પરથી સીધું નીચે પાણીના વહેણમાં પલટી મારી ગયું હતું. ઘટનાના સામે આવેલા દ્રશ્યોમાં જોઈ શકાય છે કે ટ્રેક્ટરનો આગળનો એન્જિનનો ભાગ પાણીમાં ગરકાવ થઈ ગયો છે, જ્યારે પાછળની ટ્રોલી હવામાં ઊંધી લટકેલી સ્થિતિમાં જોવા મળી રહી છે. આ ઘટના બનતાની સાથે જ આસપાસના સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સદનસીબે આ અકસ્માતમાં મોટો અકસ્માત ટળ્યો હતો.

પીએમ મોદીના આગમન પહેલા નવસારીમાં સફાઈનો ધમધમાટ


## મોદી આવે એટલે સફાઈ યાદ આવે!

**બે** દિવસમાં ૨૩૬ ટન કચરો નિકાલ, તંત્રની કામગીરી સામે ઉઠ્યા સવાલો

**નવસારીમાં** ચાલી રહેલા 'મહા સ્વચ્છતા અભિયાન' વચ્ચે કાયમી સ્વચ્છતાને લઈને લોકમુખે ચર્ચા

નવસારીઃ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની આગામી સપ્તાહે નવસારી જિલ્લાની મુલાકાતની જાહેરાત થતાં જ જાણે તંત્રની આંખો ખુલી ગઈ હોય તેમ સમગ્ર જિલ્લામાં સફાઈનો ધમધમાટ શરૂ થયો છે. તા. ૩૧ ઓગસ્ટથી ૩ સપ્ટેમ્બર સુધી ચાર દિવસીય વિશેષ મહા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું છે અને માત્ર શરૂઆતના બે દિવસમાં જ જિલ્લામાંથી ૨,૩૬,૬૪૮ કિલોગ્રામ એટલે કે ૨૩૬ ટનથી વધુ કચરો ઉઠાવી તેનો નિકાલ કરી દેવામાં આવ્યો છે.

જે કચરાના ઢગલા સામાન્ય દિવસોમાં તંત્રની નજરે પડતા નહોતા, તે હવે જેસીબી, લોડર, હાઈવા સહિતના સેંકડો વાહનોની મદદથી ગણતરીના કલાકોમાં દૂર થઈ રહ્યા છે. અધિકારીઓ અને કર્મચારીઓની ટીમો પણ મેદાનમાં ઉતરી છે. આ દૃશ્ય જોઈને સ્વાભાવિક સવાલ ઊભો થાય છે કે જો તંત્ર પાસે આટલી મશીનરી, માનવબળ અને સફાઈ કરવાની ક્ષમતા છે, તો સામાન્ય દિવસોમાં આટલી જ ઝડપ કેમ જોવા મળતી નથી?



તાલુકાવાર કામગીરીના આંકડા પણ નોંધપાત્ર છે. ગણદેવી તાલુકાના ૪૩ ગામોમાંથી ૫૯,૧૮૧ કિલો, ચીખલી તાલુકાના ૩૯ ગામોમાંથી ૫૮,૨૮૦ કિલો, જલાલપોરના ૩૩ ગામોમાંથી ૪૮,૨૨૦ કિલો, નવસારીના ૩૦ ગામોમાંથી ૩૧,૪૬૭ કિલો, ખેરગામના ૧૪ ગામોમાંથી ૨૦,૫૦૦ કિલો અને વાંસદા તાલુકાના ૩૪ ગામોમાંથી ૨૦,૦૦૦ કિલો કચરો દૂર કરવામાં આવ્યો છે.

વડાપ્રધાનના આગમન પૂર્વે ગામડાં અને જાહેર સ્થળોનો ચહેરો ચમકાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જોકે, આ મહાઅભિયાન સાથે એક માર્મિક સવાલ પણ ઊભો થયો છે–સફાઈ માટે કોઈ મહેમાનની જરૂરિયાત કેમ પડે? મહેમાન આવે ત્યારે રસ્તા ચમકે અને કચરો ગાયબ થાય તેનાથી વધુ મહત્વનું એ છે કે મહેમાન જાય પછી પણ આ સ્વચ્છતા યથાવત્ રહે. હવે જોવાનું એ રહેશે કે આ 'વીઆઈપી સ્વચ્છતા' માત્ર મુલાકાત પૂરતી રહે છે કે પછી નવસારીના ગામડાંને કાયમી સ્વચ્છ રાખવાની તંત્રની નવી કાર્યશૈલી બની રહે છે.

### શામગહાન નજીક સંતરાનો ટેમ્પો ભેખડ સાથે અથડાયો

સાપુતારાઃ મહારાષ્ટ્રના સંભાજીનગર તરફથી સંતરાનો જથ્થો ભરીને આઈસર ટેમ્પો નં. HR-57-B-3781 હરિયાણા તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન સાપુતારાથી શામગહાન તરફના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર શામગહાન ત્રણ રસ્તા નજીક ટેમ્પો માર્ગની સાઈડમાં ઉતરી જઈ ભેખડ સાથે ધડાકાભેર અથડાયો હતો. આ અકસ્મતમાં ક્લીનર કેબિનના દરવાજામાં ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો તેમજ સાપુતારા પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ભારે જહેમત બાદ કેબિનમાં ફસાયેલા ક્લીનરને બહાર કાઢી બચાવી લીધો હતો.